ક્રમાંક :મા.વિ.૬/પરિપત્ર/૨૦૧૯/૯૫૩૪ થી ૧૦૦૩૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા,પાલનપુર
તા.૨૨/૦૨/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

મા. અને ઉ.મા. શાળાઓ તમામ,

બનાસકાંઠા જિલ્લો,

વિષય:-માર્ચ-૨૦૧૯ની ધોરણ-૧૦ એસ.એસ.સી. તથા ધોરણ-૧૨ એચ.એસ.સી. પરીક્ષાની હોલટીકિટ વિતરણ બાબત.

સંદર્ભ:-ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ના તા.૨૨/૦૨/૨૦૧૯ અખબારી યાદી અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર **ધોરણ-૧૦ એસ.એસ.સી. તથા ધોરણ-૧૨ એચ.એસ.સી.** પરીક્ષા માટેની હોલટીકિટ નું વિતરણ **માતૃશ્રી એસ.બી.ચાવડા સરસ્વતિ હાઈસ્કુલ, ઢુંઢીયાવાડી, પાલનપુર ખાતે તા. ૨૫/૦૨/૨૦૧૯** ને સોમવારના રોજ રાખેલ છે જેથી અધિકાર પત્ર સાથે અચૂક હાજર રહી હોલટીકિટ મેળવી લેવાની રહેશે. તથા પ્રવેશપત્ર મળ્યેથી પ્રવેશપત્રની તમામ વિગતો જેવી કે નામ/વિષય/માધ્યમ/New Course કે Old Course/ફોટો/સહી/પરીક્ષા સ્થળ/ પરીક્ષાની તારીખ અને સમય/જન્મ તારીખ જેવી બાબતો શાળાના આચાર્યશ્રીને તેમજ ઉમેદવારે તપાસી લેવી. જો કોઈ વિગત બાબતે પ્રવેશપત્રમાં સુધારો હોય તો તે માટે રજૂઆત, પ્રવેશપત્ર મળ્યાના દિન-૦૫માં સાંજે-૦૫:૦૦ કલાક સુધીમાં શાળાના આચાર્યશ્રી મારફતે બોર્ડને રૂબરૂમાં રજૂઆત કરવાની રહેશે. પ્રવેશપત્ર પર વર્ગશિક્ષક તેમજ આચાર્યશ્રીની સહી-સિક્કા કરાવી ઉમેદવારે પોતાની પાસે રાખવાની રહેશે (પ્રવેશપત્રને લેમીનેશન કરાવવું નહી) વિદ્યાર્થીએ પ્રવેશપત્ર પરીક્ષાના દિવસો દરમિયાન પરીક્ષા સ્થળ પર રજૂ કરવું ફરજિયાત છે. જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

Prajapati

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ (સામાન્ય/વિજ્ઞાનપ્રવાહ)ની પરીક્ષાઓ સમગ્ર ગુજરાતના વિવિધ કેન્દ્રો પર તા-૦૭/03/૨૦૧૯ થી શરૂ થનાર છે. વિદ્યાર્થીઓના પ્રવેશપત્ર જે-તે શાળાઓને તારીખ:૨૫/૦૨/૨૦૧૯ના રોજ નક્કી કરેલ જિલ્લા વિતરણ કેન્દ્ર પર મળે તે રીતની વ્યવસ્થા ગોઠવાઈ ગયેલ છે. પ્રવેશપત્ર મળ્યેથી પ્રવેશપત્રની તમામ વિગતો જેવી કે નામ/વિષય/માધ્યમ/ **New Course** કે **Old Course** /ફોટો/સહી/પરીક્ષા સ્થળ/ પરીક્ષાની તારીખ અને સમય/જન્મ તારીખ જેવી બાબતો શાળાના આચાર્યશ્રીને તેમજ ઉમેદવારે તપાસી લેવી.જો કોઈ વિગત બાબતે પ્રવેશપત્રમાં સુધારો હોય તો તે માટે રજૂઆત, પ્રવેશપત્ર મળ્યાના દિન-૦૫(પાંચ)માં સાંજે-5:00 કલાક સુધીમાં શાળાના આચાર્યશ્રી મારફતે બોર્ડને રૂબરૂમાં રજૂઆત કરવાની રહેશે.પ્રવેશપત્ર પર વર્ગશિક્ષક તેમજ આચાર્યશ્રીની સહી-સિક્કા કરાવી ઉમેદવારે પોતાની પાસે રાખવાની રહેશે(પ્રવેશપત્રને લેમેનેશન કરાવવું નહી) વિદ્યાર્થીએ પ્રવેશપત્ર પરીક્ષાના દિવસો દરમિયાન પરીક્ષા સ્થળ પર રજૂ કરવું ફરજિયાત છે. જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૨૨/૦૨/૨૦૧૯
સ્થળ :- ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષાઓ માર્ચ-૨૦૧૯ માં લેવામાં આવનાર છે. પરીક્ષાની શરૂઆત તા.૦૭/૦૩/૨૦૧૯ થી રાજયના વિવિધ કેન્દ્રો ઉપર થનાર છે. બોર્ડ દ્વારા તા.૨૫/૦૨/૨૦૧૯ ના રોજ જિલ્લા કક્ષાએ વિતરણ કેન્દ્રો ઉપર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષાની હોલ ટિકીટ પહોંચાડવામાં આવશે. સંબંધિત શાળાઓએ હોલ ટિકીટ જિલ્લા વિતરણ કેન્દ્રો ઉપરથી મેળવીને શાળાના તમામ પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. હોલ ટિકીટ તમામ પરીક્ષાર્થી / વિદ્યાર્થીઓને મળે તે જોવાની જવાબદારી સંબંધિત શાળાના આચાર્યશ્રીની છે અને શાળાના આચાર્યશ્રી દ્વારા તેમાં કોઈ ચૂક ન થાય તેની ખાતરી કરવાની રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંચાલિત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષાઓ માટે કોઈ પરીક્ષાર્થીને કોઈપણ કારણસર હોલ ટિકીટ શાળા તરફથી ન મળે તો તેઓએ તાત્કાલિક સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું ધ્યાન દોરવાનું રહેશે નિયત કરેલ વિતરણ કેન્દ્રોની યાદી બોર્ડની વેબસાઈટ **www.gseb.org** ઉપર મૂકવામાં આવેલ છે. વિતરણ સ્થળે શાળાના આચાર્યશ્રીએ મુખત્યારપત્ર રજૂ કરી પોતાની શાળાની હોલટીકિટ મેળવી લેવાની રહેશે.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૨૨/૦૨/૨૦૧૯
સ્થળ :- ગાંધીનગર